ફા.ક: અપગ/૧૧૨૦૨૦/૪૭૩૬૨/છ-૧(પાર્ટ-૬)
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૨૧/૦૯/૨૦૨૨

પ્રતિ,
(૧) સેકશન અધિકારીશ્રી (બ શાખા),
ગૃહ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
(૨) સેકશન અધિકારીશ્રી (આર શાખા),
સામાન્ય વહીવટ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
(૩) સેકશન અધિકારીશ્રી (ડ-શાખા),
અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
(૪) સેકશન અધિકારીશ્રી (મ-૧ શાખા),
શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
(૫) સેકશન અધિકારીશ્રી (અ શાખા),
રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.

વિષય :- RPwD Act 2016ની કલમ ૩૪ અન્વયે દિવ્યાંગ વ્યક્તિઓ માટે જગ્યાઓ સુનિશ્ચિત (identify) કરવા તજજ્ઞ સમિતિની તા.૨૫/૦૮/૨૦૨૨ના રોજ મળેલ બેઠકની કાર્યવાહી નોંધ.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, RPwD Act 2016ની કલમ ૩૪ અન્વયે દિવ્યાંગ વ્યક્તિઓ માટે જગ્યાઓ સુનિશ્ચિત (identify) કરવા અધિક મુખ્ય સચિવશ્રી (સા.ન્યા.)ના અધ્યક્ષસ્થાને તા.૧૨/૦૯/૨૦૨૨ના રોજ ૧૧:૦૦ કલાકે મળેલ તજજ્ઞ સમિતિની બેઠકમાં થયેલ ચર્ચા અનુસાર આપની દરખાસ્તો અન્વયે તજજ્ઞ સમિતિ દ્વારા દરખાસ્ત હેઠળના સંવર્ગો માટે દિવ્યાંગતા સુનિશ્ચિત કરેલ છે. ઉકત બેઠકની કાર્યવાહી નોંધ આ સાથે આપને યોગ્ય કાર્યવાહી અર્થે મોકલી આપવામાં આવે છે.

આપનો વિશ્વાસુ,

(પ્રમેશ ગામેતી)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

બિડાણ : ઉપર મુજબ

(P.T.O.)

<u>નકલ રવાના</u>:- (કાર્યવાહી નોંધની નકલ સાથે)

(૧) કમિશનરશ્રી, દિવ્યાંગ વ્યક્તિઓ માટેના કમિશનરશ્રીની કચેરી,
બ્લોક નં. ૨, કર્મયોગી ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર.

(૨) સંયુક્ત સચિવશ્રી (સ.સુ.), સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.

(૩) નાયબ સચિવશ્રી (ક.ગ.), સામાન્ય વહીવટી વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૪) કમિશનરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ,
બ્લોક નં.૫, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

(૫) નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં.૧૬,
ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૬) સેકશન અધિકારીશ્રી, કો-સેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય,
ગાંધીનગર તરફ.. કાર્યવાહી નોંધને વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતી સહ

147/c

પેટા તજજ્ઞ સમિતિની તા.૧૨/૦૯/૨૦૨૨ના રોજ ૧૧:૦૦ કલાકે મળેલ બેઠકની કાર્યવાહી નોંધ.

ધ રાઇટ્સ ઓફ પર્સન્સ વીથ ડિસેબિલિટીઝ એક્ટ-૨૦૧૬ની કલમ-૩૪માં થયેલ જોગવાઇ અનુસાર સરકારી સેવાઓમાં દિવ્યાંગ વ્યક્તિઓ માટે અનામત રાખેલ જગ્યાઓ પર, નિમણૂંક માટે કેવા પ્રકારની દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારો ઉમેદવારી કરી શકે તે નક્કી કરવા માટે સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના અધિક મુખ્ય સચિવશ્રીના અધ્યક્ષપદે તા.૧૨/૦૯/૨૦૨૨ના રોજ ૧૧:૦૦ કલાકે બેઠક મળેલ. બેઠકમાં હાજર રહેલ સભ્યશ્રીઓની યાદી એનેક્ષ્ચર-૧ મુજબ છે. અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા.)એ સૌને આવકારી બેઠકની શરૂઆત કરી ત્યારબાદ બેઠકના એજન્ડા મુજબ હાજર રહેલ સંબધિત વિભાગના અધિકારીશ્રીઓ સાથે ચર્ચા શરૂ કરવામાં આવેલ.

એજન્ડા નં. ૧ :- ગૃહ વિભાગ હસ્તકના નાયબ પોલીસ અધિક્ષક (બિન હથિયારી), વર્ગ-૧ તથા પોલીસ ઇન્સ્પેકટર (બિન હથિયારી), વર્ગ-૨ સંવર્ગોને દિવ્યાંગજનો માટે અનામત રાખેલ જગ્યાઓ પર માન્ય રાખવામાંથી મુક્તિ આપવાની દરખાસ્ત તજજ્ઞ સમિતિ સમક્ષ રજૂ કરવી.

કાર્યવાહી: ગૃહ વિભાગ હસ્તકના નાયબ પોલીસ અધિક્ષક (બિન હથિયારી), વર્ગ-૧ તથા પોલીસ ઇન્સ્પેકટર (બિન હથિયારી), વર્ગ-૨ સંવર્ગોની કામગીરી ધ્યાને લઇ સદર બંન્ને સંવર્ગોમાં કોઇ પણ પ્રકારની દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિ અરજી કરી શકે નહિ તે બાબતની ગૃહ વિભાગના અધિકારીશ્રી દ્વારા તજજ્ઞ સમિતિ સમક્ષ રજૂઆત કરીને દિવ્યાંગો માટેના આનામતમાંથી મુક્તિ આપવા વિનંતી કરેલ. સદર બંન્ને સંવર્ગોની કામગીરી ધ્યાને લઇ તેમજ કેન્દ્ર સરકાર દ્વારા પણ પોલીસ સેવા સંબધિત સંવર્ગોને દિવ્યાંગ અનામત માન્ય રાખવામાંથી મુક્તિ આપવામાં આવેલ હોઇ, સદર બંન્ને સંવર્ગોની જગા પર અરજી કરવામાંથી દિવ્યાંગ વ્યક્તિને બાકાત રાખવા અને દિવ્યાંગતા અનામત માન્ય રાખવામાંથી સંપૂર્ણ મુક્તિ આપવા મંજુરી આપવામાં આવી.

| ગૃહ વિભાગ હસ્તકના નીચે મુજબના સંવર્ગો માટે તજજ્ઞ સમિતિ દ્વારા નક્કી કરવામાં આવેલ દિવ્યાંગતા | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ક્રમ | પોસ્ટનું નામ | વર્ગ | વિભાગની દરખાસ્ત | | | | તજજ્ઞ સમિતિએ મંજૂર કરેલ દિવ્યાંગતા | | | |
| | | | A | B | C | D &E | A | B | C | D &E |
| ૧ | નાયબ પોલીસ અધિક્ષક (બિન હથિયારી), | ૧ | દિવ્યાંગજનોની અનામતમાંથી મુક્તિની દરખાસ્ત કરેલ છે. | | | | તજજ્ઞ સમિતિ દ્વારા સદર બંન્ને સંવર્ગોની જગા પર અરજી કરવામાંથી દિવ્યાંગ વ્યક્તિને બાકાત રાખવા અને દિવ્યાંગતા અનામત માન્ય રાખવામાંથી સંપૂર્ણ મુક્તિ આપવા મંજુરી આપવામાં આપેલ છે. | | | |
| ૨ | પોલીસ ઇન્સ્પેકટર (બિન હથિયારી) | ૨ | | | | | | | | |

એજન્ડા નં. ૨ :- સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય હસ્તકના તેમજ ગુજરાત જાહેર સેવા આયોગ (GPSC) હસ્તકના સેકશન અધિકારી (વર્ગ-૨), નાયબ સેકશન અધિકારી(વર્ગ-૧) અને ઓફિસ આસીસ્ટન્ટ (વર્ગ-3)ની કામગીરી સમાન પ્રકારની હોઇ, સામાન્ય વહીવટ વિભાગ દ્વારા તા.૧૮/૦૧/૨૦૨૨ના ઠરાવથી માન્ય રાખેલ દિવ્યાંગતાના પ્રકારને GPSC હેઠળના સમાન સંવર્ગો માટે માન્ય રાખવાનો નિર્ણય GPSC દ્વારા કરવામાં આવેલ છે. સદર સંવર્ગોમાં દિવ્યાંગતાના પ્રકારને માન્ય રાખવા તજજ્ઞ સમિતિની મંજૂરી મેળવવી.

- કાર્યવાહી :- સામાન્ય વહીવટ વિભાગ હસ્તકના સેકશન અધિકારી (વર્ગ-૨), નાયબ સેકશન અધિકારી(વર્ગ-3) અને ઓફિસ આસીસ્ટન્ટ (વર્ગ-3) સંવર્ગોમાં તજજ્ઞ સમિતિની તા.૨૩/૧૨/૨૦૨૧ના રોજ મળેલ બેઠકમાં મળેલ મંજૂરી અન્વયે દિવ્યાંગતાના પ્રકાર તા.૧૮/૦૧/૨૦૨૨ના ઠરાવથી નિયત કરેલ છે. સામાન્ય વહીવટ વિભાગ દ્વારા ઉક્ત ત્રણ સંવર્ગોમાં, ભારત સરકાર દ્વારા સમાન પ્રકારના સંવર્ગો માટે માન્ય રાખેલ દિવ્યાંગતાના પ્રકાર પૈકી Blind(B), Deaf (D) અને Both Arm (BA) દિવ્યાંગતાના પ્રકારને માન્ય રાખવામાંથી મુક્તિ આપવામાં આવેલ પરંતુ નાયબ સેકશન અધિકારી (વર્ગ-3)ની ભરતી પ્રક્રિયામાં દિવ્યાંગો તરફથી મળેલ રજૂઆતોના આધારે તજજ્ઞ સમિતિ દ્વારા તા.૨૫/૦૮/૨૦૨૨ના રોજ યોજાયેલ બેઠકમાં Blind(B) દિવ્યાંગતાને માન્ય રાખવા અંગે અંતિમ નિષ્કર્ષ ન આવી શકતા, સંપૂર્ણ અંધ દિવ્યાંગોને કેવા પ્રકારની જગા માટે યોગ્ય ગણી શકાય તે અંગેની ચર્ચા હેતુ અંધજન મંડળ, અમદાવાદ સંસ્થાના પ્રતિનિધિઓને બેઠકમાં આમંત્રિત કરવામાં આવેલ. જેમણે સંપૂર્ણ અંધ દિવ્યાંગો માટે ઉપલબ્ધ સોફ્ટવેર તથા કમ્પ્યુટરની મદદથી તેઓ સદર સંવર્ગોની કામગીરી કરી શકવા માટે સક્ષમ હોવાની રજૂઆત કરેલ.

- તજજ્ઞ સમિતિ દ્વારા સદર રજૂઆત તેમજ ભારત સરકારના સમાન પ્રકારના સંવર્ગો માટે માન્ય રાખેલ દિવ્યાંગતાના પ્રકાર ધ્યાને લઇ, GPSC હસ્તકના સંવર્ગો માટે ભારત સરકાર દ્વારા માન્ય રાખેલ દિવ્યાંગતાના પ્રકારને માન્ય રાખવાની મંજૂરી આપવામાં આવેલ. તેમજ તજજ્ઞ સમિતિની તા.૨૩/૧૨/૨૦૨૧ના રોજ મળેલ બેઠકમાં સામાન્ય વહીવટ વિભાગને Blind(B), Deaf (D) અને Both Arm (BA) દિવ્યાંગતાના પ્રકારને માન્ય રાખવામાંથી મુક્તિ આપવામાં આવેલ તે મુક્તિ રદ કરી, નીચે દર્શાવ્યા મુજબની દિવ્યાંગતા માન્ય રાખી હવે પછી તે મુજબનો ઠરાવમાં સુધારો કરવા જણાવેલ.

- વધુમાં, સામાન્ય વહીવટ વિભાગ હસ્તકના નાયબ સેકશન અધિકારી, વર્ગ-૩ સંવર્ગમાં તા.૧૮/૦૧/૨૦૨૨ના ઠરાવથી નિયત કરેલ દિવ્યાંગતા મુજબના માંગણાપત્રક GPSCને મોકલી દેવામાં આવેલ હોવાનું તથા ટૂંક સમયમાં પરીક્ષા હોવાની રજૂઆત કરવામાં આવેલ આથી, તજજ્ઞ સમિતિએ નીચે દર્શાવેલ દિવ્યાંગતાના પ્રકાર મુજબ, સુધારેલ દિવ્યાંગતાના પ્રકારને આગામી ભરતી પ્રક્રિયાથી અમલી કરવા સામાન્ય વહીવટ વિભાગની રજૂઆતને મંજૂરી આપી.

149/c

| સામાન્ય વહીવટ વિભાગ હસ્તકના સંવર્ગો તથા ગુજરાત જાહેર સેવા આયોગ (GPSC) હસ્તકના નીચે દર્શાવેલ સમાન સંવર્ગો માટે તજજ્ઞ સમિતિ દ્વારા નક્કી કરવામાં આવેલ દિવ્યાંગતા | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ક્રમ | પોસ્ટનું નામ | વર્ગ | વિભાગની દરખાસ્ત | | | | તજજ્ઞ સમિતિએ મંજૂર કરેલ વિકલાંગતા | | | |
| | | | A | B | C | D &E | A | B | C | D &E |
| ૧ | સેકશન અધિકારી | ૨ | LV (40 70)% | HH (40-70)% | OA, OL, BL, OAL, CP, LC, Dw, AAV | SLD, MI(40-70)%, MD(40-70)% | **B, LV** | **D, HH** | **OA, BA, OL, BL, OAL, CP, LC, Dw, AAV** | **SLD, MI, MD** |
| ૨ | નાયબ સેકશન અધિકારી | 3 | LV (40 70)% | HH (40-70)% | OA, OL, BL, OAL, CP, LC, Dw, AAV | SLD, MI(40-70)%, MD(40-70)% | **B, LV** | **D, HH** | **OA, BA, OL, BL, OAL, CP, LC, Dw, AAV** | **SLD, MI, MD** |
| 3 | ઓફીસ અસિસ્ટન્ટ | 3 | LV (40 - 70)% | HH (40-70)% | OA, OL, BL, OAL, CP, LC, Dw, AAV | SLD, MI(40-70)%, MD(40-70)% | **B, LV** | **D, HH** | **OA, BA, OL, BL, OAL, CP, LC, Dw, AAV** | **SLD, MI, MD** |

**<u>એજન્ડા નં. 3</u> :-** <u>અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ હસ્તકના</u> ત્રણ સંવર્ગોમાં દિવ્યાંગતાના પ્રકાર સુનિશ્ચિત કરવાની દરખાસ્ત તજજ્ઞ સમિતિ સમક્ષ રજૂ કરવી.

- <u>કાર્યવાહી</u> :- અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ હેઠળની નિયંત્રક, કાનુનીમાપ વિજ્ઞાન અને નિયામક, ગ્રાહક સુરક્ષા કચેરી હસ્તકના નીચે દર્શાવેલ ત્રણ સંવર્ગોની કામગીરીને અનુરૂપ સમાન પ્રકારના સંવર્ગ ભારત સરકારના તા.૦૪/૦૧/૨૦૨૧ના નોટિફિકેશનમાં ન હોવાથી ઉક્ત સંવર્ગોની કામગીરીને ધ્યાને લઇ કયા પ્રકારની દિવ્યાંગા ધરાવતા વ્યક્તિઓ ફરજ બજાવી શકે તેની વિચારણા કરવામાં આવેલ. દરેક દિવ્યાંગતાના પ્રકાર પર વિગતવાર ચર્ચા બાદ તજજ્ઞ સમિતિ દ્વારા નીચે મુજબના દિવ્યાંગતાના પ્રકારને માન્ય રાખવામાં આવેલ છે.

| અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ હસ્તકના સંવર્ગો માટે તજજ્ઞ સમિતિ દ્વારા નક્કી કરવામાં આવેલ દિવ્યાંગતા | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ક્રમ | પોસ્ટનું નામ | વર્ગ | મંજૂર થયેલ જગ્યાઓ | વિભાગની દરખાસ્ત | | | | તજજ્ઞ સમિતિએ મંજૂર કરેલ વિકલાંગતા | | | |
| | | | | A | B | C | D &E | A | B | C | D &E |
| ૧ | જુનિયર નિરીક્ષક, કાનુનીમાપ વિજ્ઞાન | 3 | ૧૫૮ | | | | | | | | |
| ૨ | જુનિયર નિરીક્ષક, કાનુનીમાપ વિજ્ઞાન | ૨ | ૨૩ | - | HH | OA, OL, Dw, AAV | - | **LV (40-70)%** | **HH (40-70)%** | **OA, OL, OAL, LC, Dw, AAV** | **SLD, MI, MD** |
| 3 | મદદનીશ નિયંત્રક, કાનુનીમાપ વિજ્ઞાન | ૨ | ૨૮ | | | | | | | | |

**<u>એજન્ડા નં. ૪</u> :-** <u>શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ હસ્તકના</u> શ્રમ તંત્ર હસ્તકના પાંચ સંવર્ગો માટે, તજજ્ઞ સમિતિની તા.૦૫/૦૫/૨૦૨૨ના રોજ મળેલ બેઠકમાં માન્ય રાખેલ "Deaf (D)" પ્રકારને માન્ય રાખવામાંથી મુક્તિ આપવા કરેલ દરખાસ્ત તજજ્ઞ સમિતિ સમક્ષ રજૂ કરવી.

કાર્યવાહી :- શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ હસ્તકના અધિકારીઓ વહીવટી કારણોસર બેઠકમાં રહી શકેલ ન હોવાથી, તેમની દરખાસ્ત પર વિચારણા થઇ શકેલ નહિ.

એજન્ડા નં. ૫ :- રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ હેઠળના પુરાતત્વ અને સંગ્રહાલય ખાતા હસ્તકના કુલ ૧૦ સંવર્ગોને સમાન પ્રકારના સંવર્ગો ભારત સરકારના તા.૦૪/૦૧/૨૦૨૧ના જાહેરનામામાં ન હોઇ, સદર સંવર્ગોમાં દિવ્યાંગતાના પ્રકાર સુનિશ્ચિત કરવાની દરખાસ્ત તજજ્ઞ સમિતિ સમક્ષ રજૂ કરવી.

- કાર્યવાહી :- રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ હેઠળના પુરાતત્વ અને સંગ્રહાલય ખાતા હસ્તકના નીચે દર્શાવેલ કુલ ૧૦ સંવર્ગોની કામગીરી, અધિક્રમની વિગતો ધ્યાને લઇ, દરેક સંવર્ગની કામગીરી તથા ભારત સરકારના તા.૦૪/૦૧/૨૦૨૧ના જાહેરનામામાં સમાન પ્રકારની કામગીરી ધરાવતા સંવર્ગ માટે ભારત સરકાર દ્વારા નક્કી કરેલ દિવ્યાંગતાના પ્રકારને ધ્યાને લઇ નીચે મુજબના દિવ્યાંગતાના પ્રકારને માન્ય રાખવામાં આવેલ છે.

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ હસ્તકના સંવર્ગો માટે તજજ્ઞ સમિતિ દ્વારા નક્કી કરવામાં આવેલ દિવ્યાંગતા

| ક્રમ | પોસ્ટનું નામ | વર્ગ | મંજૂર થયેલ જગ્યાઓ | વિભાગની દરખાસ્ત | | | | તજજ્ઞ સમિતિએ મંજૂર કરેલ વિકલાંગતા | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | A | B | C | D &E | A | B | C | D &E |
| ૧ | પુરાતત્વીય ઇજનેર | ૨ | ૫ | - | D, HH | OL, OA, Dw, AAV, LC | - | - | D, HH | OA, OL, BL, CP, LC, Dw, AAV | ASD (M), SLD, MI, MD |
| ૨ | પિક્ચર રેસ્ટોરર | 3 | ૧ | - | D, HH | BL, OL, OA, OAL, Dw, AAV, LC | - | LV (40-70)% | D, HH | OA, OL, LC, Dw, AAV | SLD,MI, MD |
| ૩ | કેટલોગર | 3 | ૧ | - | D | BL, BA, OA, LC, Dw, AAV | MI, MD | - | D, HH | OA, OL, BL, CP, LC, Dw, AAV | ASD (M), SLD, MI, MD |
| ૪ | છાયારેખાકાર | 3 | ૪ | - | D, HH | OL, OA, BA, LC, Dw, AAV | MI, MD | - | D, HH | OA, OL, BL, CP, LC, Dw, AAV | ASD (M), SLD, MI, MD |
| ૫ | પ્રયોગશાળા મદદનીશ | 3 | ૧ | - | D, HH | OL, OA, LC, Dw, AAV | - | LV (40-70)% | D, HH | OA, OL, OAL, CP, LC, Dw, AAV | ASD(M,MoD), SLD, MI, MD |
| ૬ | ભવન સર્વેક્ષણ સહાયક | 3 | ૧ | - | D, HH | OL, OA, BA, LC, Dw, AAV | MI, MD | - | D, HH | OA, OL, BL, CP, LC, Dw, AAV | ASD (M), SLD, MI, MD |
| ૭ | સંરક્ષણ મદદનીશ | 3 | 3 | - | D, HH | OL, OA, BA, LC, Dw, AAV | MI, MD | - | D, HH | OA, OL, BL, CP, LC, Dw, AAV | ASD (M), SLD, MI, MD |
| ૮ | મદદનીશ ઇજનેર | 3 | ૪ | - | D, HH | OL, OA, BA, LC, Dw, AAV | MI, MD | - | D, HH | OA, OL, BL, CP, LC, Dw, AAV | ASD (M), SLD,MI, MD |

151/c

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | સહાયક પુરાતત્વ નિયામક | ૨ | ૫ | - | D, HH | OL, OA, BA, LC, Dw, AAV | MI, MD | - | D, HH | OA, OL, BL, CP, LC, Dw, AAV | ASD (M), SLD,MI, MD |
| ૧૦ | પુરાતત્વીય રસાયણવિદ્ | ૨ | ૧ | - | D, HH | OL, OA, LC, Dw, AAV | - | LV (40-70)% | D, HH | OA, OL, OAL, CP, LC, Dw, AAV | ASD (M,MoD), SLD,MI, MD |

**Code and functional classification**:- Blind (**B**), Low vision (**LV**) **(40-70)%**, Deaf (**D**), [Hard of hearing(**HH**) **(40-70)%**], [Locomotor disability (**LD**) :- **OA**(one arm), **OL**(one leg), **BA**(both arm), **BH**(both hands), **OAL**(one arm one leg) , **BLA** (both legs and arms) , **BLOA** (both legs one arm), **OABL** (one arm both legs), **BAOL** (both arms one leg), **BABL** (both arms both leg), **OAOL**(one arm one leg) ], Cerebral palsy (**CP**), Leprosy cured (**LC**), Dwarfism (**Dw**), Acid attack victim(**AAV**), Muscular dystrophy (**MDy**), Intellectual disability (**ID**), Specific learning disability (**SLD**), Mental illness (**MI**), [Autism Spectrum Disorder **(ASD) M**-Mild, **MoD**-Moderate], [Multiple Disabilities (**MD**) :- **(**Disabilities included in group **(A)** to **(D)** )].

અન્ય કોઇ મુદ્દા પરત્વે ચર્ચા બાકી ન હોઇ, હાજર સૌનો આભાર માની અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા.)એ બેઠક સમાપ્ત કરી.

(જી.પી.પટેલ)
સંયુક્ત સચિવ અને સભ્ય સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

(ડૉ. અજય ચૌહાણ)
S.P.O.M.H.
કમિશનરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને
તબીબી શિક્ષણની કચેરી વતી.

(વિક્રમસિંહ જાદવ)
નિયામક
સમાજ સુરક્ષા ખાતું.

(સુશીલ વ્યાસ)
ઉપ સચિવ (ક.ગ.૧)
નાયબ સચિવ,(ક.ગ.) સામાન્ય વહીવટ વિભાગ વતી.

(વી.જે.રાજપુત)
કમિશનર,
કમિશનરશ્રી, દિવ્યાંગ વ્યક્તિ માટેનાની કચેરી

(સુનયના તોમર)
અધિક મુખ્ય સચિવશ્રી અને અધ્યક્ષ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

## એનેક્ષ્ચર-૧

તજજ્ઞ સમિતિની તા.૧૨/૦૯/૨૦૨૨ના રોજ ૧૧:૦૦ કલાકે મળેલ બેઠકમાં સમિતિના હાજર રહેલ સભ્યશ્રીઓની યાદી.

1. અધિક મુખ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ (અધ્યક્ષ).
2. કમિશનરશ્રી, દિવ્યાંગ વ્યક્તિઓ માટેના.
3. સંયુક્ત સચિવશ્રી, (સ.સુ.), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.
4. નિયામકશ્રી, સમાજ સુરક્ષા.
5. નાયબ સચિવશ્રી (ક.ગ.), સામાન્ય વહીવટ વિભાગ વતી ઉપ સચિવ (ક.ગ.૧)
6. કમિશનરશ્રી, આરોગ્ય અને તબીબી સેવાઓ વતી ડૉ. અજય ચૌહાણ

બેઠકમાં ગૃહ વિભાગ, સામાન્ય વહીવટ વિભાગ, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ તથા રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના સંબધિત અધિકારીઓ તેમજ અંધજન મંડળ, અમદાવાદ સંસ્થાના સિનિયર મેનેજરશ્રી ઉપસ્થિત રહેલ હતાં.